ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

# મહાકવિ કાલીદાસની દૃશ્યકૃતિઓમાં વ્યક્ત થતો સમાજ

ડૉ. ભાનુ એન. કાપડીયા.
વિભાગ-સમાજશાસ્ત્ર
ગુજરાત વિનયન અને વિજ્ઞાન કૉલેજ,
અમદાવાદ.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research e-Journal

# મહાકવિ કાલીદાસની દૃશ્યકૃતિઓમાં વ્યક્ત થતો સમાજ

## ➢ પ્રસ્તાવના

પ્રસ્તુત પેપર સમાજ અને સંસ્કૃત સાહિત્ય વચ્ચે રહેલો સંબંધ દર્શાવે છે. માનવી-માનવી વચ્ચે સતત આંતરક્રિયા થતી હોય છે. બેકર નામના સમાજશાસ્ત્રી જણાવે છે કે માનવી આ આંતરક્રિયા દ્વારા સાતત્ય ધરાવતી અને પરિવર્તન પામતી જે વ્યવસ્થા વિકસાવે તેને સમાજ કહેવાય. જયારે ગિસ્બર્ટ નામના સમાજશાસ્ત્રીના મતઅનુસાર સમાજ એટલે સામાજિક સંબંધોનું જટિલ ગુંફન કોઈપણ સમાજમાં રહેતો માનવી સંબંધોના તાણાવાણાથી જોડાયેલો હોય છે. માટે તે જે સમાજમાં રહેતો હોય તે સમાજની અસરથી તે મુક્ત રહી શક્તો નથી. સાહિત્યકાર પણ માનવી છે. સમાજના રીતરિવાજો, રુઢીઓ, પ્રચલિત પરંપરાઓ અને માન્યતાઓ વગેરેની તેના ચિત પર અસરથાય છે જ, સાહિત્યકારોની કાલ્પનિક રચનાઓમાં પણ જે તે સમયની ઘટનાઓની ઝલક ઓછેવત્તે અંશે થયા વિના રહેતી નથી. કોઈપણ સર્જકના સર્જનમાં સામાજિક દૃષ્ટિકોણ હોય જ છે. કોઈપણ સાહિત્યકૃતિ સ્થળ અને કાળના સ્પંદનો ઝીલી એ સમયના સમાજમાં પ્રવર્તમાન સામાજિક, આર્થિક, ધાર્મિક, રાજનૈતિક અને સાંસ્કૃતિક બાબતોનું પ્રતિબિંબ પાડતી હોય છે. સાહિત્ય અને સમાજને નિકટનો સંબંધ રહેલો છે. સાહિત્ય સમાજના પ્રશ્નોને વાચા આપવાનું ઉત્તમ માધ્યમ છે.

દુનિયાની સૌથી જૂની ગણાતી ભાષાઓમાંની એક ભાષા સંસ્કૃત એ ભારતની એક શાસ્ત્રીય ભાષા ગણાય છે. હિન્દુ ધર્મના લગભગ બધાજ ધાર્મિક ગ્રંથો સંસ્કૃત ભાષામાં લખવામાં આવેલા છે. આજે પણ હિન્દુઓના દરેક ધાર્મિક કાર્યો જેવા કે યજ્ઞ, પૂજાવિધિ, લગ્ન વગેરે સંસ્કૃત ભાષામાં થાય છે. સંસ્કૃત એ ભારતીય સંસ્કૃતિનો આધારસ્તંભ મનાય છે.સંસ્કૃત ભાષામાં ગવાતા શ્લોકો અને મંત્રો મન અને હૃદયને આનંદ અને શાંતિ આપે છે. તેથી તો આજે માત્ર ભારતમાં જ નહિં પરંતુ વિશ્વમાં સંસ્કૃત ભાષાને વિશેષ સ્થાન અને આદર મળવા લાગ્યા છે. સંસ્કૃત ભાષા પ્રત્યે લગાવ હોવાથી આપણે આ સંસ્કૃતિનું જતન અને આદર કરીએ છીએ. મહાકવિ કાલીદાસ, વ્યાસજી, વાલ્મિકી કે ભાસમુનિ દ્વારા રચાયેલ સાહિત્ય ( ગ્રંથો, નાટકો કે મહાકાવ્યો) આટલા વર્ષો બાદ આજેય આપણને આકર્ષે છે.

કાલીદાસની સંસ્કૃત ભાષાના સૌથી મહાન સાહિત્યકારોમાં ગણના થાય છે. કાલીદાસના સાહિત્યમાં તે સમયના સમાજના આદર્શો વ્યક્ત થયેલા છે. કાલીદાસ તેમના સાહિત્યથી વિશ્વવિખ્યાત બન્યા છે. કાલીદાસે કુલ સાત રચનાઓનું સર્જન કરેલું હોવાનું મનાય છે.આ રચનાઓમાં ચાર મહાકાવ્યો અને ત્રણ નાટકો છે.

તેમના સાહિત્યમાં "અભિજ્ઞાન શાકુંતલમ્""વિક્રમોવર્શિયમ્" અને "માલવિકાગ્નિમિત્રમ્" નાટકો તેમની સૌથી વધુ જાણીતી દૃશ્યશ્રાવ્ય કૃતિઓ છે. પ્રસ્તુત પેપરમાં આ ત્રણેય કૃતિઓમાં વ્યક્ત થતા સમાજની રજૂઆત કરવામાં આવી છે.

માહિતીના સ્રોતો

પ્રસ્તુત પેપર દસ્તાવેજી સ્રોતોને આધારે તૈયાર કરવામાં આવેલ છે.

પ્રસ્તુત પેપરમાં મહાકવિ કાલિદાસની ત્રણ દૃશ્ય-શ્રાવ્ય કૃતિઓમાં વર્ણવેલ સમાજનું ચિત્રણ રજૂ કરવામાં આવેલ છે.

- <u>પ્રથમકૃતિ"માલવિકાગ્નિમિત્રમ્"</u>

કાલિદાસની પ્રથમ કૃતિ "માલવિકાગ્નિમિત્રમ્" માંરાજ્ય વ્યવસ્થા અંગે વાત કરીએ તો કવિએ તે સમયના રાજદરબારનું આલેખન કર્યુ છે તે રાજ્યવ્યવસ્થા રાજાશાહી સ્વરુપની હોવાનો નિર્દેશ કરે છે. રાજકીય બાબતોમાં સલાહ આપવા મંત્રીમંડળની રચના કરવામાં આવતી. રાજા તેના સલાહ-સૂચનો લેતો, પરંતુ આખરી નિર્ણય રાજા પોતે જ લેતો.દેશ અનેક નાનાં-મોટાં રાજ્યોમાં વિભાજિત થયેલો હતો. વિદર્ભ અને વિદિશા વચ્ચેનો સંઘર્ષ અને યુદ્ધ પડોશી રાજ્યો વચ્ચેના મતભેદો દર્શાવે છે. સરહદના સંરક્ષણ માટે કિલ્લાઓ બાંધવામાં આવતા. બળવાન રાજાઓ પડોશી રાજ્ય પર આક્રમણ કરી જીત મેળવી પોતાની શરતો પાળે તો રાજ્ય પાછું આપતા. અગ્નિમિત્રે વિદર્ભનું રાજ્ય જીતી લઈ તેને માધવસેન અને યજ્ઞસેન વચ્ચે વહેંચી દીધાનો ઉલ્લેખ છે.

લગ્ન વ્યવસ્થા વિશે જોઈએ તો કાલીદાસની આ કૃતિમાં રાજાને ધારિણી અને ઈરાવતી એમ બે પટરાણી હતી. આ બાબત તે સમયમાં બહુપત્નીપ્રથા પ્રચલિત હોવાનો નિર્દેશ કરે છે. સેનાપતિ પુષ્યમિત્ર (રાજાના પિતા)એ અશ્વમેધયજ્ઞની જવાબદારી ધારીણીના પુખ્તવયના પુત્ર વસુમિત્રને સોંપી તે વાત રાજા પ્રૌઢ હોવાનો સંકેત આપે છે અને માલવિકાનું મુગ્ધાનું વર્ણન છે. રાજા પોતાની પુત્રી જેટલી ઉંમરની માલવિકા સાથે પ્રેમ કરે છે. આ બાબત રાજાઓના વિલાસી જીવન અને "રાજાને ગમે તે રાણી" નો ન્યાય દર્શાવે છે. ઉપરાંત ધારિણીના "વર્ણાવર" ભાઈનો ઉલ્લેખ તે સમયમાં અનુલોમ લગ્નપ્રથા પ્રચલિત હોવાનું દર્શાવે છે.

આ કૃતિમાં ધર્મ અંગે જોતા જણાય છે કે તે સમયમાં લોકો ધર્માભિમુખ હતા. રાજાના પિતા અશ્વમેધ યજ્ઞ કરાવે છે. રાણી ધારિણી પૂત્રના દિર્ઘાયુ માટે બ્રાહ્મણોને દક્ષિણા આપતા. વૈદિક ધર્મનો પ્રચાર હતો

સાથોસાથ બૌદ્ધ ભિક્ષુણી (પરિવ્રાજિકા)નું પાત્ર બૌદ્ધ ધર્મ પણ પ્રચલિત હોવાનું દર્શાવે છે. જ્યોતિષવિદ્યા અને સામુદ્રિક શાસ્ત્રની વાત પણ આલેખાયેલી જોવા મળે છે. શુકન અપશુકન અને ભવિષ્યવાણીમાં લોકો શ્રદ્ધા ધરાવતા. ત્રીજા અંકના અંતે વિદૂષક મંગળના પ્રતિગમનનો ઉલ્લેખ કરેછે તેના પરથી અનુમાન કરી શકાય કે ખગોળશાસ્ત્રથી પણ લોકો પરિચિત હતા.

આર્થિક વ્યવસ્થા જોઈએ તોલોકો  વેપાર માટે સાર્થવાહો સમૂહમાં પ્રવાસ ખેડતા, તેઓના રક્ષણ માટે તેમનું પોતાનું સૈન્ય હતું. આ બાબત પરથી અનુમાન કરી શકાય કે તે સમયે પણ ચોરી, લૂંટફાટ વગેરેનો ભય હતો. આ રીતે ભૌતિક સમૃદ્ધ હતા સાથે સાથે સાહિત્ય અને લલીતકલાઓનો પણ સારો વિકાસ થયો હતો. બીજા અંકમાં માલવિકાના નૃત્યની વાત સ્પષ્ટ રીતે દર્શાવે છે કે તે સમયે સંગીત અને નૃત્યકલા હતા.

આ કૃતિમાં કુટુંબ વ્યવસ્થા વિશે જોતા જણાય છે કે રાજાના પુત્ર કે પિતા રાજાથી અલગ રહેતા હોવાના નિર્દેશો નથી  તેથી કુટુંબ વ્યવસ્થા સંયુક્ત સ્વરુપની હોવાનુ અનુમાન કરી શકાય.

સ્ત્રીના સ્થાન અંગે સ્પષ્ટ નિર્દેશો મળતા નથી. કારણકે આ કૃતિના બીજા અંકમાં વર્ણન છે કે ઈરાવતી મદિરાપાનથી ઉન્મત દશામાં પ્રમદવનમાં પ્રવેશે છે. તે સમયમાં સ્ત્રીઓને હરવા ફરવાની છૂટ હશે , સ્ત્રીઓ ક્યારેક મદિરાપાન કરતી તે સામાન્ય મનાતું હશે. આ બાબત સ્ત્રીની સ્વતંત્રતા દર્શાવે છે તો અગ્નિમિત્રને મુલ્યવાન વસ્તુઓ સાથે કલાનિપુણ કન્યાઓ ભેટમાં મળે છે. તે બાબત સ્ત્રીને માનવ ન ગણતા વસ્તુ સ્વરુપે ગણતા હોવાનો ઈન્કાર કરી શકાય તેમ નથી.

માલવિકાગ્નિમિત્રમ્ માં કાલીદાસે શિક્ષણ સંબંધી વિચારોને વાચા આપી છે કાલીદાસે ગણદાસ અને હરદત્ત વચ્ચે જ્ઞાનની બાબતમાં પરસ્પર કલહ દર્શાવી શિક્ષણ સંબંધી વિચારો વ્યક્ત કર્યા છે. આ કૃતિના પહેલા  અંકના 16માં શ્લોકમાં જણાવ્યું છે કે કોઈ પોતાની જાતે કુશળ હોય છે તો કોઈક અન્યને શિખવવામાં અતિ નિપુણ હોય છે. જેની આ બંને વસ્તુ સારી હોય તેને જ શિક્ષકોમાં મોખરે સ્થાન આપવું જોઈએ. શિક્ષકને પોતાના વિદ્યાના વ્યવસાયનું ગૌરવ હોવું જોઈએ. આમ તે સમાજમાં શિક્ષકોનું સ્થાન ઊંચું હતું. ગુરુ શિષ્યનો સંબંધ પવિત્ર માનવામાં આવતો.

આ કૃતિમાં રાજાની પ્રથમ રાણી ધારિણી ભારતીય નારીનો આદર્શ પૂરો પાડે છે. નામ પ્રમાણે તેનામાં ગુણ દેખાય છે. ક્ષમા અને સહનશીલતાની મૂર્તિ છે. પતિના આનંદ ખાતર તેને "વિક્રમોવર્શિયમ્" કૃતિની કાશીરાજપૂત્રી જેવી સુખનું બલીદાન આપનારી દર્શાવી છે. રાજાની અન્ય પત્નીઓ સાથેનો તેનો વ્યવહાર માયાળુ છે.બીજી રાણી ઈરાવતી રાજાના માલવિકા પ્રત્યેના અનુરાગને જોઈને અત્યંત ક્રોધે ભરાય છે.  રાજાને શઠ અને બેવફા કહી ફિટકારે છે. અને કટિમેખલાથી મારવા ઈચ્છે છે. રાજા સાષ્ટાંગ દંડવત કરી રીઝવવા

પ્રયાસ કરે છે. છતાં રાજાનો અનાદર કરી ચાલી જાય છે. ઈરાવતી પોતાના અધિકાર માટે સજાગ દેખાય છે. ઈરાવતીનો આવો વ્યવહાર હોવા છતાં રાજાના વ્યવહારમાં સ્ત્રી દાક્ષિણ્ય દેખાય છે. અહિં દાક્ષિણ્ય રાજાના સ્વભાવની વિશિષ્ટતા છે. બંને રાણીઓ પ્રત્યેનો તેનો વ્યવહાર નરમાશભર્યો અને વિવેકપૂર્ણ છે.

કાલિદાસની આ કૃતિમાં તે સમયના સમાજના આદર્શો વ્યક્ત થાય છે.

- બીજીકૃતિ"વિક્રમોવર્શિયમ્"

કાલીદાસની બીજી દૃશ્યકૃતિ "વિક્રમોવર્શિયમ્" માં સમાજની રચના વર્ણાશ્રમ મુજબની હતી. રાજ્ય વ્યવસ્થા અંગે વાત કરીએ તો આમાં પણ કવિએ તે સમયના રાજદરબારનું આલેખન કર્યુ છે તે રાજ્યવ્યવસ્થા પરંપરાગત રાજાશાહી સ્વરુપની હોવાનો નિર્દેશ કરે છે કારણકે રાજા પુરુરવાના પુત્ર આયુનો યુવરાજ તરીકે રાજ્યાભિષેક થાય છે તે પરંપરાગત શાસન વ્યવસ્થા હોવાનું સૂચવે છે. સમાજના નિતિ-નિયમોના પાલનનું કાર્ય અને પ્રજાના રક્ષણનું કાર્ય રાજા કરતો. રાજા પ્રજાપાલનને પોતનું મહત્વનું કાર્ય સમજતો.

લગ્ન વ્યવસ્થા અંગે જોઈએ તો આ કૃતિમાં પણ રાજાની એક પત્ની કાશીરાજની પુત્રી(સિતાંશુકા) છે. છતાં રાજા ઉર્વશી સાથે લગ્ન કરેછે. આ બાબત તે સમયમાં બહુપત્નીત્વનો રિવાજ હોવાનું સૂચવે છે. પોતાના સુખના ભોગે પણ રાજા પુરુરવાને સુખી જોવા ઈચ્છતી રાણી (કાશીરાજની પુત્રી) ઉચ્ચ હૃદયવાળી ભારતીય નારી દર્શાવી છે.

આ કૃતિના ત્રીજા ભાગના 13માં શ્લોકમાં રાજા પુરુરવા પ્રથમ રાણીને કહે છે કે હે કલ્યાણી, તું વ્રત કરીને તારા શરીરને અકારણ કષ્ટ આપે છે. કારણ કે તારા માટે આતુર આ તારો દાસ તારો અનુગ્રહ યાચે છે. તેને શું તારે ખુશ કરવાનો હોય.રાજા ઉર્વશી પ્રત્યે આકર્ષાયેલો હોવા છતાં સ્ત્રી પ્રત્યેનું તેનું દાક્ષિણ્ય દેખાય છે. ઉપરાંતઆ કૃતિના ચોથા અંકમાં ઉર્વશીનું પાત્ર સહધર્મચારીણીનું દર્શાવી સ્ત્રીનું સન્માન હોવાનું અનુમાન કરી શકાય.

ધર્મ અંગે વાત કરીએ તો ધર્મને મહત્વનું સ્થાન આપવામાં આવેલ છે. રાજ મહેલમાં રાત્રે મંગળ દિવડીઓ મુકાતી તથા રાણીની વ્રતની વાત આવે છે. કુમાર આયુના જન્મ સંસ્કારની વાત સાથે હિન્દુ ધર્મના 16 સંસ્કારની વાત આલેખાયેલી છે.દરેક કાર્યમાં રાજા (પુરુરવા), રાણી સિતાંશુકા અને ઉર્વશી વિગેરેને ધર્મપરાયણ દર્શાવી સમાજમાં ધાર્મિકતાનું મુલ્ય દર્શાવ્યું છે.

આ કૃતિમાં દ્વિતિયમ્ અધ્યાસિતું તવ સમય-એટલે કે બીજા આશ્રમમાં રહેવાનો તારો સમય છે.

આયુ(રાજા પુરુરવાનો પુત્ર)પ્રથમ આશ્રમમાં રહી ચુક્યો હોવાથી રાજા તેને ગૃહસ્થાશ્રમ માટે કહે છે. અને અંતમાં રાજા પોતાના ચરિત્રની વિશેષતા બતાવીને પુત્ર આયુને રાજ્ય સોંપીને વનમાં જવાની વાત કરે છે. જે જીવનની છેલ્લી અવસ્થા વાનપ્રસ્થાશ્રમનો ઉલ્લેખ કરેછે. એટલે કે આશ્રમ વ્યવસ્થા અસ્તિત્વમાં હશે.

- <u>ત્રીજી કૃતિ"અભિજ્ઞાનશાકુંતલ"</u>

મહાકવિ કાલીદાસની સંસ્કૃત ભાષામાં લખાયેલ"અભિજ્ઞાનશાકુંતલ"નું ઈ.સ.1789માં ભાષાંતર કરીને યુરોપને પ્રથમ પરિચય કરાવનાર વિલિયમ જોન્સે કાલીદાસને ભારતના શેક્સપિયર કહીને તેનું મહત્વ દર્શાવ્યું છે.1792માં શાકુંતલનું ભાષાંતર વાંચીને જર્મન કવિ અને સાહિત્યકાર એવા Goethe નાચી ઉઠયો હતો અને સુંદર કાવ્યાંજલી આપી હતી.

આ કૃતિમાં પણ રાજા(દુષ્યંત) છે. આ બાબત રાજાશાહિ શાસન વ્યવસ્થાનો નિર્દેશ કરેછે. રાજા તરીકેના કાર્યમાં દુષ્યંત એકનિષ્ઠ છે. રાજા સમાજજીવનનો માત્ર રક્ષક જ નહી પરંતુ આદર્શ તરીકે જોવા મળે છે. આ કૃતિમાં રાજા સમાજકાર્ય પણ કરતો હોવાનું જણાય છે. રાજા થનાર બાળકને અસ્ત્ર શસ્ત્રની વિદ્યાઓ તેમજ અન્ય કલાઓ ઉપરાંતપરાતિસંધાન (બીજાને છેતરવા માટેની વિદ્યાઓ) શીખવવામાં આવતા. રાજા પ્રજાને જાતે મળતો. પોતાની કરતા રાજ્યની રૈયતને મહત્વ આપતો. પ્રજાના અનાચાર માટે પોતાને જવાબદાર ગણતો.

આ કૃતિના બીજા અંકના ચૌદમાં શ્લોકમાં ઉલ્લેખ છે કે રાજા દુષ્યંત પણ સર્વ માણસોથી ભોગ્ય એવા (ગૃહસ્થ) આશ્રમમાં વાસ કરે છે. ગૃહસ્થાશ્રમ દરમિયાન જ રાજા નગરોના મહેલમાં રહેતો. અંતિમ અવસ્થામાં વનમાં રહીને સાદાઈથી વૃક્ષના મૂળે જીવન વ્યતિત કરતો. કવિએ અહિં તે  સમયની આશ્રમ વ્યવસ્થાનો નિર્દેશ કરેલ છે.

કૃતિના ચોથા અંકના 18માં શ્લોકમાં શકુંતલા પતિગૃહે જાય છે ત્યારે મહર્ષિ કણ્વ તેને વડિલોની સેવા કરવાનું કહે છે અહિં કવિ વડિલો પ્રત્યેનો આદર હોવાનું દર્શાવે છે. સપત્નીઓ પ્રત્યે પ્રિય સખી સમો વર્તાવ રાખજે એ વાત તે સમયના સમાજમાં બહુપત્ની પ્રથા હોવાનો નિર્દેશ કરે છે. બહુપત્નીત્વને સંપતિની નિશાની ગણવામાં આવતી પતિ અપમાનિત કરે તો પણ તેના વિરુદ્ધ આચરણ કરીશ નહીં.આ વાત પુરુષપ્રધાન સમાજ હોવા ઉપરાંત સ્ત્રીનું નીચું સ્થાન હોવાનું દર્શાવે છે. આકૃતિના છઠ્ઠા અંકમાં રાજાની પ્રથમ પત્ની પ્રત્યે રાજાનું દાક્ષિણ્ય જોવા મળે છે.

ધર્મની વાત કરીએ તો રાજા ધર્મ કાર્ય માટે તત્પર છે. તપસ્વીઓની વાતોનો અનાદર ન કરતો.

સામાન્ય પ્રજા પાસેથી ઉપજનો છઠ્ઠો ભાગ લેતો, તપસ્વીઓ પણ તેને ધર્મનો છઠ્ઠો આપતા.

આ કૃતિમાં એક પ્રસંગ છે કે એક સમુદ્રના વેપારીનું મૃત્યુ થાય છે ત્યારે રાજા તપાસ કરાવે છે કે તેની પત્નીઓમાંથી કોઈ સગર્ભા હોયતો તે ગર્ભમાંનુ બાળક તે વેપારીની મિલકતનું વારસદાર રહેશે. આ પ્રસંગ સમાજના વારસાહક્કના કાયદા હશે તેવું જણાવે છે. તે સમયે પિતાની મિલકતનો વારસદાર તેનો પુત્ર ગણાતો હશે. જો મરનારને પુત્ર સંતાન ન હોય તો તેની મિલકત રાજ્યના ખજાનામાં જતી હશે. મરનારની વિધવાને કે પુત્રી સંતાન હોય તો તેને મિલકતનો કોઈ અધિકાર નહિં હોય.

➢ નિષ્કર્ષ

આપણે જોયું કે કોઈપણ સાહિત્ય એ જે તે સમાજનું દર્પણ છે. કાલીદાસની ઉપરોક્ત ત્રણેય કૃતિઓમાં તે સમયના સમાજની છાયા જોવા મળે છે. કાલીદાસની આ કૃતિઓની શરુઆત શિવની સ્તુતીથી થાય છે અને ત્રણેય કૃતિઓમાં વ્રતો, તહેવારો, હોમ-હવન, પૂજાપાઠ વગેરેના ઉલ્લેખો તે સમયમાં ધાર્મિકતાનો નિર્દેશ કરે છે.

કાલીદાસની કૃતિઓની પૃષ્ઠભૂમિ રાજકીય છે અને તેમાં કવિએ તે સમયના રાજદરબારનું આલેખન કર્યું છે. તેમા આપણને દેખાય છે કે પરંપરાગત રાજાશાહી શાસન વ્યવસ્થામાં દેશમાં નાના-મોટા અનેક રજવાડાઓ હતા. તેમની વચ્ચે સતત વિખવાદો થયા કરતા અને યુદ્ધો પણ થતા. તેમાં ખાસ વાત એ છે કે જીત મેળવનાર રાજા હારેલા રાજા પાસે ધાર્યું કરાવતા. રાજાઓ ભેટની આપલે કરે તેમાં ભેટ તરીકે સ્ત્રીઓ પણ હોય આમ સ્ત્રી એ વસ્તુ ગણાતી.

ગાંધર્વલગ્ન પ્રથા અને બહુપત્નીત્વનો રિવાજ આપણને ત્રણેય કૃતિઓમાં દૃષ્ટિગોચર થાય છે આ પ્રથા તે જમાનાની સામાન્ય પ્રચલિત પ્રથા ગણાતી હશે. કારણકે રાણીઓ અન્ય રાણીઓ સાથે સાખ્ય ભાવે રહેતી. રાજા ગમે તે સ્વરુપવાન યુવતીને રાણી બનાવી શકતો આ બાબત સ્ત્રીનું સ્થાન નીચું હોય તેવું લાગે છે. આમ છતાં ત્રણેય કૃતિઓમાં રાજાનું સ્ત્રી દાક્ષિણ્ય પણ દેખાય છે. સ્ત્રી પોતાના સદગુણોથી ઉતમ ગૃહિણી બની પુરુષો પર પ્રભુતા પ્રાપ્ત કરી શકે.

ત્રણેય કૃતિઓમાં ચાર વર્ણ અને ચાર આશ્રમો નો ઉલ્લેખ છે જે તે સમયની સમાજવ્યવસ્થા હોવાનું દર્શાવે છે. કાલીદાસે તેની કૃતિઓમાં વિદ્યા અને વિદ્યાવન્તોની પ્રતિષ્ઠાને સમાજશ્રેય માટે અનિવાર્ય ગણાવ્યા છે. આમ સંસ્કૃત સાહિત્યમાં રચાયેલ કાલીદાસના નાટકોમાં તે સમયના સમાજનું પ્રતિબિંબ જોવા મળે છે.

## ➢ સંદર્ભસૂચિ


1. Ghosh.M.M.: - History of Indian Drama, Its origin and Diffusion; Culcutta-1957
2. જાગીરદાર. આર. વી. -સંસ્કૃત સાહિત્યમાં નાટકો
3. પ્રા.દવે પી.સી. અને પ્રા.દવે. સુરેશ જ. - મહાકવિ કાલીદાસ રચિત અભિજ્ઞાનશાકુંતલમ્, (1996-97) સરસ્વતી પુસ્તક ભંડાર.
4. ડો. પંડ્યાભગવતીપ્રસાદ અને અન્ય (1973) સી. જમનાદાસની કંપની- મહાકવિ કાલીદાસ રચિત માલવિકાગ્નિમિત્રમ્:
5. પ્રા.દવે પી.સી. અને પ્રા.દવે. સુરેશ જ-મહાકવિ કાલીદાસ રચિત વિક્રમોર્વશીયમ્, સરસ્વતી પુસ્તક ભંડાર.
6. આર્થર ડબલ્યુ રાયડર -ટ્રાન્સલેશન ઓફ શકુંતલા એન્ડ અધર.
7. ડો. ત્રિપાઠીમિથિલાપ્રસાદ - કાલીદાસ ગ્રંથાવલી, કાલીદાસ સંસ્કૃત યુનિવર્સિટી ઉજ્જૈન.
8. નાન્દી એમ.એ.- મહાકવિ કાલીદાસ રચિત વિક્રમોર્વશીયમ્, મહાજન પબ્લિશીંગ હાઉસ.


VIDHYAYANA